સંદેશનો અનુલેખ

લયાવસ્થાની પ્રાપ્તિ પછીની યાત્રા –
જ્યારે પાણી ભૂલી જાય છે કે તે હાઇડ્રોજન હતું

પૂજ્ય દાજીના

70મા જન્મદિવસ નિમિત્તે

28 સપ્ટેમ્બર, 2025, કાન્હા શાંતિવનમ

સંદેશનો અનુલેખ

લયાવસ્થાની પ્રાપ્તિ પછીની યાત્રા – જ્યારે પાણી ભૂલી જાય છે કે તે હાઇડ્રોજન હતું

પ્રિયજનો,

આધ્યાત્મિક યાત્રા એક મૂળભૂત વિરોધાભાસ રજૂ કરે છે – આપણે જેને અંતિમ લક્ષ્ય તરીકે જોતાં હોઈએ છીએ, તે તો ખરેખર સાચા વિકાસની માત્ર શરૂઆત જ હોય છે. સપ્ટેમ્બર ભંડારા 2025 દરમિયાન આપવામાં આવેલ સંદેશમાંની કેન્દ્રસ્થાને રહેલ આ જે સમજ છે, તે આપણને આપણા આધ્યાત્મિક સાક્ષાત્કારની પ્રગતિ અને સફળતા અંગેનાં તથા તેની પ્રકૃતિ વિશેના આપણાં સૌથી મૂળભૂત વિચારો અંગે ફેરવિચારણા કરવા પ્રેરે છે.

આપણી દુનિયાનાં લોકો કોઈપણ કાર્યને પૂરું કરી લેવાનાં (કાર્યપૂર્તિના) ખ્યાલથી ટેવાયેલાં હોય છે. આપણે એ રીતે વર્તતા હોઈએ છીએ, જાણે કે ગ્રેજ્યુએશન, નિવૃત્તિ, સાક્ષાત્કાર, એ બધાં અંતિમ મુકામો છે; પરંતુ પ્રકૃતિ આપણને કંઈક જુદું જ બતાવે છે. શું એક બીજ કે જે અંધકારમાં સંઘર્ષ કર્યા પછી, આખરે માટીમાંથી અંકુરિત થઇ બહારના વાતાવરણમાં પ્રવેશ કરે, ત્યારે શું તેની યાત્રા પૂર્ણ થઈ કહેવાય? ના, તે તો ફક્ત એક શરૂઆત જ છે. બીજમાંથી અંકુરિત થવું, એ જ તેનું લક્ષ્ય નથી; તે તો, તે પછીની ઘણી બધી અર્થપૂર્ણ બાબતો – જેમ કે પ્રકાશસંશ્લેષણ, વૃદ્ધિ, ફળ આપવા, છાંયો આપવો અને અંતે નવા બીજ માટેનું ખાતર બની જવું – તરફનું તેનું પ્રથમ પગલું માત્ર છે.

શું એક બીજ કે જે અંધકારમાં સંઘર્ષ કર્યા પછી, આખરે માટીમાંથી અંકુરિત થઇ બહારના વાતાવરણમાં પ્રવેશ કરે, ત્યારે શું તેની યાત્રા પૂર્ણ થઈ કહેવાય? ના, તે તો ફક્ત એક શરૂઆત જ છે. બીજમાંથી અંકુરિત થવું, એ જ તેનું લક્ષ્ય નથી; તે તો, તે પછીની ઘણી બધી અર્થપૂર્ણ બાબતો – જેમ કે પ્રકાશસંશ્લેષણ, વૃદ્ધિ, ફળ આપવા, છાંયો આપવો અને અંતે નવા બીજ માટેનું ખાતર બની જવું – તરફનું તેનું પ્રથમ પગલું માત્ર છે.

બાબુજીનું એમ કહેવું કે, ‘લયાવસ્થા, એ તમને એક નવીન પ્રારંભ કરનાર વ્યક્તિ બનાવે છે.’ નો મતલબ પણ આ જ હતો. એક ટીપું, કે જે હજુ સમુદ્રમાં લય પામ્યું નથી, તે સમુદ્રમાં ભળી જવા માટે ઉત્સાહિત હોય છે. વાસ્તવિક લયાવસ્થા પછી, લયાવસ્થાની તે ખુશીની વિચારણા માટે કોઈ ટીપું બાકી નથી હોતું. આ સૌથી મોટો વિરોધાભાસ છે.

પરિવર્તન પાછળનું વિજ્ઞાન અને દર્શન

મૂળભૂત રસાયણશાસ્ત્ર આપણને જે ગહન પાઠ શીખવે છે, તેનો વિચાર કરો – હાઇડ્રોજન ઝડપથી ઊડી જાય તેવો ખતરનાક અને સ્ફોટક પદાર્થ છે; ઓક્સિજન બધી આગને વધારે પ્રજ્વલિત કરીને બધું ભસ્મિભૂત કરી નાખે છે. છતાં, જ્યારે હાઇડ્રોજન અને ઓક્સિજન, એ બંને ભેગા થાય, તે પછી પણ શું તે વિનાશનાં પ્રતીક હોય છે? તેઓ એકબીજામાં ભળી જઈને પાણી બનાવે છે, જે સમગ્ર જીવનને આધાર આપે છે. હવે, અહીં એક ગહન સત્ય એ છે કે – પાણી હાઇડ્રોજન હોવાનું યાદ રાખતું નથી. હવે તેનો સ્વભાવ જરાપણ વિસ્ફોટક નથી રહ્યો, એક ભારેલા અગ્નિ જેવી વૃત્તિ તરીકે પણ નહીં. આ પરિવર્તન એટલું સંપૂર્ણ છે કે હવે તેનાં મૂળ સ્વભાવની કોઈ પણ શક્યતા નથી રહી.

આ બાબત એ દર્શાવે છે કે આપણો આધ્યાત્મિક વિકાસ કેવી રીતે થાય છે. આપણે જે રીતે કંઈક નવું શીખતાં હોઈએ કે આપણામાં કોઈ સુધારો કરતાં હોઈએ, તે રીતે આપણા આધ્યાત્મિક વિકાસને પણ આપણે જે હોઈએ, તેમાનાં એક ઉમેરા તરીકે જ વિચારતાં હોઈએ છીએ. પરંતુ ખરેખરું પરિવર્તન તો એક રાસાયણિક પ્રક્રિયા જેવું હોય છે. તમે કંઈ તમારા અહંકારમાં વૃદ્ધિ જ નથી કરતાં, પરંતુ તમે કોઈક રીતે સંપૂર્ણપણે અલગ જ બની જાઓ છો, જે એક સંપૂર્ણપણે અલગ હેતુ પૂરો પાડે છે.

આપણે જે રીતે કંઈક નવું શીખતાં હોઈએ કે આપણામાં કોઈ સુધારો કરતાં હોઈએ, તે રીતે આપણા આધ્યાત્મિક વિકાસને પણ આપણે જે હોઈએ, તેમાનાં એક ઉમેરા તરીકે જ વિચારતાં હોઈએ છીએ. પરંતુ ખરેખરું પરિવર્તન તો એક રાસાયણિક પ્રક્રિયા જેવું હોય છે. તમે કંઈ તમારા અહંકારમાં વૃદ્ધિ જ નથી કરતાં, પરંતુ તમે કોઈક રીતે સંપૂર્ણપણે અલગ જ બની જાઓ છો, જે એક સંપૂર્ણપણે અલગ હેતુ પૂરો પાડે છે.

ભગવદ ગીતા તમારા વ્યક્તિગત કર્તવ્યને તથા તમારાં વ્યક્તિગત હેતુને 'સ્વધર્મ' તરીકે વર્ણવે છે. પરંતુ જ્યારે પરિવર્તન એટલું ગહન હોય, કે તમારી મૂળભૂત પ્રકૃતિ એટલે કે તમારો 'સ્વભાવ' જ બદલાઈ જાય, ત્યારે શું થાય છે? પાણીનો ધર્મ હાઇડ્રોજન અને ઓક્સિજન જેવો નથી. હવે તેનો નવો ધર્મ પ્રવાહિત થવાનો, પોષણ આપવાનો, શુદ્ધ કરવાનો અને જીવન ટકાવી રાખવાનો છે.

સંદેશ: આપણે વધારે સારા ટીપાં નથી બનતાં. આપણે શીખીએ છીએ કે આપણો સાચો સ્વભાવ ક્યારેય 'ટીપાં તરીકે'નો નહોતો અને આ નવી જાણકારી, જે અત્યંત મહત્વપૂર્ણ છે, તે આપણને વાસ્તવિક કાર્ય શરૂ કરવા માટે માત્ર તૈયાર જ કરે છે.

આ બાબત આપણા રોજિંદા જીવનને કેવી રીતે અસર કરે છે? પ્રથમ, તે સમસ્યાઓ અને પડકારો તરફનાં આપણા દ્રષ્ટિકોણને જ બદલી નાખે છે. એક જાગૃત વ્યક્તિ ટ્રાફિક જામને પોતાની યાત્રાની સમસ્યા તરીકે નથી જોતો. તે પોતાને સમગ્ર પ્રવાહના એક ભાગ તરીકે જુએ છે અને આ બાબત તેની પ્રતિક્રિયાઓ પર અસર કરે છે. તે એક વૈકલ્પિક માર્ગ પણ પસંદ કરી શકે છે, તે એટલા માટે નહીં કે 'મારે ત્યાં ઝડપથી પહોંચવું છે,' પરંતુ એટલા માટે કે તે માર્ગ પ્રવાહને એકંદરે ફાયદો કરે છે.

આ સમજ સંબંધોમાં આમૂલ પરિવર્તન લાવે છે. જ્યારે બે ટીપાં એવો દાવો કરતાં રહે છે કે તેઓ સાથે રહેવા માંગે છે, છતાં વાસ્તવમાં એકબીજાથી અલગ રહેવાનો પ્રયાસ કરે છે, ત્યારે જ મોટાભાગની લડાઈઓ થતી હોય છે; પરંતુ જ્યારે તે બંને લોકોને એ સમજાઈ જાય છે કે તેઓ ક્યારેય અલગ ટીપાં હતાં જ નહીં, પણ હંમેશાંથી એક પાણીની અભિવ્યક્તિઓ તરીકે જ હતાં, ત્યારે તે સંજોગોમાં તેઓ હવે અલગ નથી હોતાં.

વૈદિક પરંપરામાં પ્રયત્ન વિશે અને પ્રસાદ (કૃપા) વિશે વાત આવે છે. લયાવસ્થા પહેલાં, આપણે સમુદ્ર બનવાનો પ્રયાસ કરતાં હોઈએ છીએ. પરંતુ લયાવસ્થા પ્રાપ્ત

કરી લીધા પછી આપણને સમજાય છે કે આપણે હંમેશાંથી એક ટીપું હોવાનો દેખાવ કરતા હોવાં છતાં સમુદ્ર જ હતા. પરંતુ એ પછી સૌથી પડકારજનક ભાગ આવે છે: આપણે સમુદ્ર છીએ તે જાણી લીધા પછી પણ એક ટીપું બની રહેવાનું પસંદ કરવું – રહસ્યોથી ભરપુર એવો એક વિરોધાભાસ!

બાબુજી આ કારણોસર જ તેને એક શરૂઆત કહે છે. એક સારા અભિનેતા તરીકે તમે તમારી ભૂમિકામાં ખોવાઈ જઈ શકો છે, પરંતુ શું તમે એ ભૂમિકા ભજવી રહ્યા હોવાની જાણકારી સાથે તે ભૂમિકા સંપૂર્ણપણે ભજવી શકો ખરાં? શું એ જાણવા છતાં કે તમે દિવ્ય છો, તમારા માટે બધી જ રીતે એક માનવ જ બની રહેવું શક્ય છે? શું અનંતતામાં રહીને તમે એ અનુભવી શકો કે માનવ-શરીર કેટલું મર્યાદિત છે?

મર્યાદા રાખવાનું શાણપણ

વાસ્તવિક જીવનમાં અહીં જ ફિલસૂફી લાગુ પડવાની શરૂ થાય છે. પાણી તેના પાત્રનો આકાર લઇ લે છે, એટલા માટે નહીં કે પાણીને આકાર આપી શકાતો નથી, પરંતુ એટલા માટે કે નિરાકાર રહેવાથી મદદરૂપ થઇ નથી શકાતું. પાણી કપમાં જ પીવા યોગ્ય બને છે. તે વાદળોમાં, વરસાદ રૂપે પરિવર્તિત થાય છે. તે રક્ત વાહિનીઓમાં પોતે જ જીવન બની જાય છે. આમ, પરિવર્તનશીલતા જ આપણને કાર્યક્ષમ બનાવે છે.

હવે મર્યાદાઓને ફરજીયાતપણે પાલન કરવાનાં એક નિયમ તરીકે જોવાને બદલે, તેને સર્જનાત્મક પસંદગીઓ તરીકે જોવાનું શીખવું, એ લયાવસ્થા પછીની યાત્રા છે. લયાવસ્થા પછી પણ તમે તમારા વર્તમાન જીવનનો આકાર પસંદ કર્યો છે, એ એટલા માટે નહીં કે તમારે તે કરવું પડે છે, પરંતુ એટલા માટે કે તે બૃહદ ચિત્રમાં બંધબેસતો આકાર છે.

પરિવર્તનશીલતા જ આપણને કાર્યક્ષમ બનાવે છે.

હવે મર્યાદાઓને ફરજીયાતપણે પાલન કરવાનાં એક નિયમ તરીકે જોવાને બદલે, તેને સર્જનાત્મક પસંદગીઓ તરીકે જોવાનું શીખવું, એ લયાવસ્થા પછીની યાત્રા છે. લયાવસ્થા પછી પણ તમે તમારા વર્તમાન જીવનનો આકાર પસંદ કર્યો છે, એ એટલા માટે નહીં કે તમારે તે કરવું પડે છે, પરંતુ એટલા માટે કે તે બૃહદ ચિત્રમાં બંધબેસતો આકાર છે.

આધ્યાત્મિક અહંકાર, કે જે દાવો કરે છે કે 'મેં લયાવસ્થા પ્રાપ્ત કરી છે,' તે સૌથી ખતરનાક ફસામણી છે. આ એ હાઈડ્રોજન છે, જે હાઇડ્રોજન હોવા છતાં પાણી હોવાનો ડોળ કરે છે. જે ખરેખર પાણી જ હોય છે, તેણે એ કહેવું નથી પડતું કે તે પાણી છે. તે ફક્ત વહેતું રહે છે, પોષણ આપતું રહે છે અને શુદ્ધ કરતું રહે છે. તેનું અસ્તિત્વ જ તે પાણી હોવાની જાહેરાત છે.

આ સમજ આપણને અતિશય આધ્યાત્મિક હોવાનો દેખાવ કરવાના કંટાળાજનક કાર્યમાંથી મુક્તિ આપે છે. તમારે સર્વજ્ઞ હોવાનો દેખાડો કરવાની જરૂર નથી હોતી. તમારે અસામાન્ય રીતે બોલવાની પણ જરૂર નથી હોતી. તમારે ફક્ત પાણી જેવા બનવાનું હોય છે – હંમેશાં હાજર, મદદરૂપ અને ક્ષણે-ક્ષણની જરૂરિયાતોની પૂર્તિ માટે અનુકૂલનશીલ.

અસીમ સેવા

જ્યારે ગણિતશાસ્ત્રીઓએ બહુવિધ અનંતતાઓ શોધી કાઢી, જે દરેક અનંતતામાં બીજી બધી જ અનંતતાઓનો સમાવેશ થતો હતો પણ તે પ્રત્યેક અલગ હતી, ત્યારે તેમણે એક આધ્યાત્મિક સત્યનો સ્પર્શ કર્યો. લયાવસ્થા પછીની યાત્રા, એ મોટા બનવાની યાત્રા નથી. તે મર્યાદાઓમાં રહીને સેવા આપવા માટેના અનંત માર્ગો શોધવા અંગે છે.

પોતાનાં બાળકને ખવડાવતી એક માતા દ્વારા આ બાબત સંપૂર્ણપણે પ્રતિબિમ્બિત થાય છે. જીવનની સંભાળ રાખવા માટે તેણે બ્રહ્માંડથી વાકેફ રહેવાની જરૂર નથી હોતી. એક વ્યક્તિમાંથી એક માતા બનવામાં થતો તેનો બદલાવ, તેણે કરવાની સમગ્ર જરૂરીયાત મુજબનો જ હોય છે અને સંપૂર્ણ હોય છે. પરંતુ આ 'મર્યાદા' સાથે પણ તે પ્રેમની અનંતતાને સ્પર્શે છે.

લયાવસ્થા પછીની યાત્રા, એ મોટા બનવાની યાત્રા નથી. તે મર્યાદાઓમાં રહીને સેવા આપવા માટેના અનંત માર્ગો શોધવા અંગે છે.

આ શિક્ષણ, આધ્યાત્મિક અભ્યાસ પ્રત્યેનાં આપણા અભિગમને જ બદલી નાખે છે. આપણે અસાધારણ અનુભવોની અપેક્ષાઓ રાખવાને બદલે, રોજબરોજના જીવનમાં જ રહેલી ગહનતાને ઓળખવાનું શીખીએ છીએ. વાસણ ધોવા, એ પણ બાબતો કેવી રીતે વિકસિત થાય, તેનો પાઠ બની જાય છે. શ્વાસોચ્છવાસ આપણને એ બતાવે છે કે કેવી રીતે મહત્ત્વની બાબતો ગ્રહણ કરવી. આપણી અન્યો સાથેની પ્રત્યેક વાતચીત, આપણા માટે પ્રેમનાં નામે સભાનપણે કરવામાં આવતાં મર્યાદાપૂર્ણ વ્યવહારનાં અભ્યાસની એક તક હોય છે.

અમર્યાદિત હોવું, એ આપણને સમગ્ર સ્વતંત્રતા નથી આપતું. તે એવું છે કે કેવી રીતે પાણી ઘન રહેવા માટે બરફ બનવાનું, ઉપર વધવા માટે વરાળ બનવાનું અથવા વહેવા માટે પ્રવાહી રહેવાનું પસંદ કરે છે. દરેક અવસ્થા સંપૂર્ણપણે કાર્યક્ષમ હોય છે અને તે અવસ્થાઓ વચ્ચેના બદલાવો; લોકો વર્તમાન અવસ્થાથી નાખુશ હોય છે, એટલે નહીં પરંતુ જરૂરીયાત મુજબ કુદરતી રીતે જ તે થતાં રહેતાં હોય છે. કદાચ આ જ સાચી સ્વતંત્રતા છે.

જીવંત સંદેશ: તમારા જીવનના રોજના સમગ્ર દિવસ દરમિયાન એ યાદ રાખો કે તમે સમુદ્ર બનવાનો પ્રયાસ કરી રહ્યાં નથી. તમે સમગ્રપણે એ પાણી બનવાનું શીખી રહ્યા હોવ છો તથા એવાં કાર્યો કરવાનું શીખી રહ્યાં હોવ છો, જે પ્રકારના કાર્યો પાણી હરપળ કરતુ રહેતું હોય છે. જ્યારે તમે પાણી પીઓ છો, ત્યારે એ હાઇડ્રોજન અને ઓક્સિજન વિશે વિચારો, જેમણે સજીવ-સૃષ્ટિને મદદ કરવા માટે પોત-પોતાના જીવનનો ત્યાગ કર્યો. જ્યારે તમને સમસ્યાઓ હોય, ત્યારે પાણી જેવા બનો અને એ માર્ગ શોધો, જે ફક્ત તમારી પોતાની જરૂરિયાતોને જ નહીં, પરંતુ બધાની જરૂરિયાતોને પણ પૂર્ણ કરે.

અમર્યાદિત હોવું, એ આપણને સમગ્ર સ્વતંત્રતા નથી આપતું. તે એવું છે કે કેવી રીતે પાણી ઘન રહેવા માટે બરફ બનવાનું, ઉપર વધવા માટે વરાળ બનવાનું અથવા વહેવા માટે પ્રવાહી રહેવાનું પસંદ કરે છે. દરેક અવસ્થા સંપૂર્ણપણે કાર્યક્ષમ હોય છે અને તે અવસ્થાઓ વચ્ચેના બદલાવો; લોકો વર્તમાન અવસ્થાથી નાખુશ હોય છે, એટલે નહીં પરંતુ જરૂરીયાત મુજબ કુદરતી રીતે જ તે થતાં રહેતાં હોય છે.

લયાવસ્થા પછીની યાત્રા, એ વધુ મેળવવા માટેની યાત્રા નથી. તે એ સંશોધન કરવા અંગે છે કે તમે ઇરાદાપૂર્વક જતું કરીને શું બની શકો છો, તમે તમારી જાતને મર્યાદિત કરવાનું પસંદ કરીને કેવી રીતે સેવા કરી શકો છો તથા તમે નિરાકાર છો, તે જાણકારી સાથે તમે તમારા મર્યાદિત સ્વરૂપને સ્વીકારીને કેવી રીતે પ્રેમ કરી શકો છો.

આ એક એવો માર્ગહીન માર્ગ છે, જે બધા માર્ગોથી આગળ વધે છે. એક માર્ગ બનાવવાનો અર્થ ફક્ત તમારા પર સ્વતંત્રતા લાદવાનો જ છે. જ્યારે લોકો ગુરુઓને પૂછે છે કે સાક્ષાત્કાર પછી શું આવે છે, ત્યારે તેઓ માત્ર સ્મિત કરે છે. તેઓ તમને એક ગ્લાસ પાણી આપે છે અને રાહ જુએ છે કે તમે તે સામાન્ય બાબતમાં અનંતને, સરળ બાબતમાં ઊંડાણને અને પર્યાપ્ત બાબતમાં બધાંને જુઓ, એટલે કે પૂરતું હોય, તેમાં સંપૂર્ણતા શોધવાનો સાર મેળવો.

અને, તે અનુભૂતિમાં, એક સૌથી અદ્ભુત પરિવર્તન થાય છે – એવું નથી કે સામાન્ય બાબત પવિત્ર બની જાય છે, પરંતુ આખરે તમને દેખાય છે કે તે હંમેશાંથી પવિત્ર જ હતું. પાણી હંમેશાંથી પવિત્ર જ હતું. આપણે માત્ર તે પાણીને કેવી રીતે જોવું, તે શીખવાની જરૂર હતી.

મહાન ગુરુજીને પ્રાર્થના સાથે,
કમલેશ

એવું નથી કે સામાન્ય બાબત પવિત્ર બની જાય છે, પરંતુ આખરે તમને દેખાય છે કે તે હંમેશાંથી પવિત્ર જ હતું. પાણી હંમેશાંથી પવિત્ર જ હતું. આપણે માત્ર તે પાણીને કેવી રીતે જોવું, તે શીખવાની જરૂર હતી.